**<u>બેઝીક એન્જીનિયરીંગ અને એપ્લાઈડ સાયંસીસ વિભાગ, કૃઈટકો, આકૃયુ, ગોધરા દ્વારા</u>**

**<u>ગઢ ગામ ખાતે જન જાગૃતિ રેલીનું આયોજન કરાયું</u>**

બેજીક એન્જીનિયરીંગ અને એપ્લાઈડ સાયંસીસ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા દ્વારા તારીખ ૦૬/૦૮/૨૦૨૨ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના અંતર્ગત અલગ - અલગ વિષયો પૈકી "કોરોના સંક્રમણ અટકાવવા અને રસીકરણ અંગે" ના પ્રકલ્પ અંગે ગઢ ગામ ખાતે એક જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"ના નોડલ ઓફિસર અને એફએમપીઇ વિભાગના વડા ડૉ. પંકજ ગુપ્તા, "કોરોના સંક્રમણ અટકાવવા અને રસીકરણ અંગે" ના પ્રકલ્પના કન્વીનર ડૉ. હાર્દિક શર્મા, સહ કન્વીનર શ્રીમતી શેફાલી મોદી, બીઇએએસ વિભાગના વિભાગીય વડા ઈજ. કપિલ મંડલોઇ, પીએફઇ વિભાગના વડા ડૉ. નવનીત કુમાર, બીઇએએસ વિભાગના મ. પ્રાધ્યાપક, શ્રીમતી હેતલ તન્ના, ડૉ. બ્રીજેશ અમિન, ડૉ. ગૌતમ કામાણી, લેબ. ટેક. શ્રી નિલેષ પ્રજાપતિ, "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"ના મ. નોડલ ઓફિસર ડૉ. રાણાપ્રતાપ સાળુંખે, ડૉ. કમલેશ જેઠવા અને કોલેજના ત્રીજા વર્ષના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. સદર રેલીમાં બેનર, સૂત્રોચ્ચાર અને નાગરિકોના સંપર્ક દ્વારા ગ્રામજનોમાં કોરોનાના વધતાં સંક્રમણ અટકાવવા અને ૧૦૦ ટકા રસીકરણ કરાવી કોરાનાથી બચવા અંગે જન જાગૃતિ ફેલાવવામાં આવી હતી.
















